# નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સર્ટિ. માટે ટીમની તપાસ પૂર્ણ

ગાંધીનગર, તા. ૧૨

નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સર્ટિફિકેટ માટે તપાસમાં આવેલ ટીમે તેની તપાસ પુરી કરી દીધી છે. હવે આ ટીમ પોતાનો અહેવાલ સરકારને આપશે એ પછી આગળની પ્રક્રિયા થશે.

ગાંધીનગર શહેરના સે. ૨ અને સે. ૨૯ના અર્બન પી.એચ.સી. માટે આ અંગે અરજી કરવામાં આવી હતી. આ ટીમે બન્ને અર્બન હેલ્થ પી.એચ.સી.ની મુલાકાત લઈ અને અત્યંત ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

ટીમે આ અર્બન હેલ્થ સેન્ટરોમાં અપાતી ૧૨ પ્રકારની સેવાઓની ચકાસણી કરી હતી. ખાસ કરીને ઓ.પી.ડી., સ્વચ્છતા, ઈન્ડોર ઓ.પી.ડી., લેબોરેટરી, એન.સી.ડી. સેલના પ્રોગ્રામનું અમલીકરણ સહિતના મુદ્દાઓ ચકાસ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# મનપા દ્વારા છ નવી વેક્ટર કંટ્રોલ ટીમની ભરતી કરાશે

## શહેરમાં ઈનડોર ફોગીંગ અને સર્વેલન્સની કામગીરી સઘન બનાવાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાને તાત્કાલિક છ નવી વેક્ટર કંટ્રોલ ટીમની ભરતી માટેની મંજૂરી સરકારે આપી છે. આ સામે મનપાએ પણ ડેન્ગ્યુના વધતા જતા પ્રભાવને નાથવા માટે એક ખાસ અલાયદો એક્શન પ્લાન તૈયાર કરી અમલી પણ બનાવી દીધો છે.

મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે ઓળખી કાઢવામાં આવેલ નવા સંવેદનશીલ વિસ્તારોમાં સર્વેલન્સને સઘન બનાવવામાં આવ્યુ છે. આ ઉપરાંત લોક જાગૃતિ માટે વિવિધ સેકટરોમાં રિક્ષા પણ ફેરવવામાં આવી રહી છે તેમજ પત્રિકાઓનું વિતરણ શરૂ કરવામાં આવ્યુ છે.

ડૉ. ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે જન જાગૃતિ પત્રિકામાં ડેન્ગ્યુથી બચવા શું કરશો ? એના લક્ષણો શું છે તે બધી જ વિગતો આપવા સહિત આવુ કંઈ લાગે તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાને પહોંચવા માટે અપીલ કરવામાં આવી છે.

આ ઉપરાંત જ્યાં વધુ કેસો જણાયા છે તેવા વિસ્તારોમાં ઈનડોર ફોગીંગની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં ફોગીંગ માટે હાલ ચાર પંપ કાર્યરત છે.

તેમણે કહ્યુ કે હાલ પ્રથમ તબક્કે છ વેક્ટર કંટ્રોલ ટીમની નવી ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત ૮ જેટલી ટીમો તો કામ કરી જ રહી છે.

શહેરમાં ડેન્ગ્યુના વધતા જતા કેસોને પગલે સતત અને સઘન સર્વેલન્સ અંતર્ગત આજે સે. ૨૪ અને ૧૩માં પણ કામગીરી કરવામાં આવી હતી. શહેરના અન્ય સેકટરોમાં પણ આ સર્વેલન્સની ટીમો ટુંકમાં જ પહોંચશે.

# કચ્છમાં પાકિસ્તાની પાંચ બોટ ઝડપાતાં ભારે ચકચાર

અમદાવાદ,તા.૧૨

કચ્છના સરહદી વિસ્તાર નજીક આવેલા હરામીનાળામાં ગેરકાયેદર ભારતીય સીમા વિસ્તારમાંથી પાંચ પાકિસ્તાની બોટ બીએસએફએ ઝડપી પાડી હતી. જો કે, આ બોટમાંથી માછીમારોના સામાન સિવાય અન્ય કોઈ વાંધાજનક વસ્તુઓ મળી નથી. તેથી આ બોટમાં આવેલા શખ્સ માછીમારો હોવાનું સામે આવી રહ્યું છે. બીએસએફએ બોટમાં સવાર ઘૂસણખોરોને પકડવા માટે કોમ્બીંગ શરૂ કર્યું છે. ઉલ્લેખનીય છે કે, એક સપ્તાહ પહેલા પણ કચ્છના સિરક્રીક વિસ્તારમાંથી બે પાકિસ્તાની બોટ ઝડપાઈ છે.




## પ્રાર્થના સભા



અમારા પૂજ્ય પિતાશ્રી **ધિરેન્દ્ર મૂળશંકર ભટ્ટ (નિવૃત, સેક્શન અધિકારી)** તા.૧૦-૧૦-૨૦૧૯ ને ગુરૂવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતની પ્રાર્થના સભા તા.૧૪-૧૦-૨૦૧૯નો સોમવારના રોજ સવારે ૧૧ થી ૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : બલરામ મંદિર, સેક્ટર-૧૨, ગાંધીનગર**

**હિના ધિરેન્દ્ર ભટ્ટ**
**ઋત્વિજ ધિરેન્દ્ર ભટ્ટ** — **મીરા ઋત્વિજ ભટ્ટ**
**વિશ્રમ્ ઋત્વિજ ભટ્ટ** — **તથા સમગ્ર ભટ્ટ પરિવાર**
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com